સુવિચાર : તબીબો પાસેથી હું નીકળ્યો દિલની દવા લઇને... જગત સામે જ ઊભું હતું દર્દો નવા લઇને - બેફામ

તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૯ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૫૩ | ૧૨ ઓગસ્ટ, ૨૦૧૫, બુધવાર ; અષાઢ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- ● રાજ્યસભામાં જીએસટી બિલ રજૂ : કાર્યવાહી ફરી મોકૂફ થઇ
- ● ટીવી ચેનલોના પ્રસારણ માટે માર્ગદર્શિકા બનશે
- ● આધારકાર્ડ હજુ ફરજિયાત નથી : સુપ્રીમ કોર્ટનો ચુકાદો
- ● મેટરનીટી લીવ વધારીને ૨૪ સપ્તાહ કરવા તૈયારી
- ● આધારકાર્ડ હજુ ફરજિયાત નથી : સુપ્રીમ કોર્ટનો ચુકાદો
- ● શેરબજારમાં મંદી જારી : ૨૩૬ પોઇન્ટનો મોટો ઘટાડો નોંધાયો
- ● મેગી સંદર્ભે નેસ્લે ઇન્ડિયા પાસે ૪૨૬ કરોડની માંગ
- ● વન રેંક વન પેન્શન ૧૫મીથી અમલી બને તેવા સ્પષ્ટ સંકેત
- ● ૨૦૧૫માં ૧૯૨ વખત પાક દ્વારા યુદ્ધવિરામનો ભંગ થયો
- ● રાધે મા સામે ફરિયાદ કરનાર મહિલાનું નિવેદન નોંધાયું

# વિશ્વમંચ પર ભારતીયોનો ડંકો

## ચેન્નાઇમાં જન્મેલા ૪૩ વર્ષીય સુંદર પિચાઈ ગુગલના નવા સીઈઓ



નવી દિલ્હી,તા. ૧૧

ભારતીય મૂળના સુંદર પિચાઈએ વિશ્વના મંચ ઉપર પોતાની કુશળતા સાબિત કરી છે. વધુ એક ભારતીય વિશ્વસ્તર પર ભારતનું નામ કર્યું છે. ભારતીય મૂળના સુંદર પિચાઈ મહાકાય ગુગલ કંપનીમાં નવા સીઈઓ બની ગયા છે. ગૂગલે કંપનીમાં મોટા ફેરફાર કરીને પિચાઈને નવા સીઈઓ બનાવવાની જાહેરાત કરી છે. ભારતમાં જન્મેલા સુંદર પિચાઈ એક વ્યાપક પુનઃરચના હેઠળ ગુગલમાં નવા સીઈઓ રહેશે. કંપનીના સહસ્થાપક લેરી પેજે આઈઆઈટીના વિદ્યાર્થી રહી ચુકેલા પિચાઈની ઈચ્છા શક્તિ, કટિબદ્ધતા અને સમર્પણ ભાવનાની પ્રશંસા કરતા કહ્યં છે કે, હવે સમય આવી ગયો છે જ્યારે પિચાઈ

કંપનીની જવાબદારી સંભાળે. એક ચોંકાવનારી ફેરરચનાની કવાયત હેઠળ પેજે નવી મૂળ કંપની આલ્ફાબેટની રચનાની જાહેરાત કરી હતી જે શેરબજારમાં ગુગલની જગ્યા લેશે અને ગુગલના તમામ શેર સ્વભાવિકરીતે જ આલ્ફાબેટના શેરમાં ફેરવાઈ જશે. આ શેરના અધિકાર પણ યથાવત રહેશે. ગુગલ આલ્ફાબેટની સંપૂર્ણ પ્રભુત્વ ધરાવનાર કંપની બનશે. આલ્ફાબેટના સીઈઓ પેજને અધ્યક્ષ સગ્રે બ્રિન રહેશે. આઈઆઈટી ખડકપુરમાં બીટેક, સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગ અને મેટેરિયલ

● અનુસંધાન પાન-૭ પર

# ભારત-શ્રીલંકા વચ્ચે આજથી પ્રથમ ટેસ્ટ : ભારે રોમાંચકતા

### હવે ૨૨ વર્ષના ગાળા બાદ શ્રીલંકામાં ટેસ્ટ શ્રેણી જીતવા ભારત સજ્જ : ચેતેશ્વર પુજારા ન રમે તેવી પ્રબળ શક્યતા

ગાલે,તા. ૧૧

જેની ઉત્સુકતાપૂર્વક ક્રિકેટ પ્રેમીઓ રાહ જોઈ રહ્યા હતા તે ભારત અને શ્રીલંકા વચ્ચે ત્રણ ટેસ્ટ મેચ પૈકીની પ્રથમ ટેસ્ટ મેચ આવતીકાલથી ગાલેના મેદાન પર શરૂ થઈ રહી છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ શાનદાર દેખાવ કરવા માટે સજ્જ દેખાઈ રહી છે. બીજી બાજુ શ્રીલંકા ઘરઆંગણે ભવ્ય દેખાવ કરવા માટે તૈયાર છે. બન્ને ટીમો સંતુલિત હોવાથી શ્રેણી રોમાંચક બની શકે છે. ભારતે શ્રીલંકામાં ટેસ્ટ શ્રેણી છેલ્લા ૨૨ વર્ષથી જીતી નથી.



● અનુસંધાન પાન-૭ પર

# શેરબજારમાં મંદી યથાવત ૨૩૬ પોઈન્ટનો ઘટાડો

મુંબઇ,તા. ૧૧

શેરબજારમાંઆજે કારોબારના અંતે મંદી જોવા મળી હતી. સેંસેક્સ ૨૩૬ પોઈન્ટ ઘટીને ૨૭૮૬૬ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૬૩ પોઈન્ટ ઘટીને ૮૪૬૨ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઇ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ઘટાડો રહ્યો હતો. બંનેમાં ક્રમશઃ ૦.૫ અને ૧.૧ ટકાનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થ નબળી રહી હતી. ૧૮૫૭ શેરમાં મંદી રહી હતી જ્યારે ૯૯૩ શેરમાં તેજી જામી હતી. બજાર સાથે સંકળાયેલા નિષ્ણાતોનું કહેવું છે કે, જીએસટી બિલને લઈને મડાગાંઠ અકબંધ રહી છે જેની સીધી અસર બજાર ઉપર થઈ છે. રૂપિયામાં ઉથલપાથલ પણ કારણરુપ છે. આવતીકાલે જુલાઈ મહિના માટે કન્ઝ્યુમર પ્રાઈઝના આંકડા જારી કરવામાં આવનાર છે. સાથે સાથે આવતીકાલે જૂન મહિના માટે ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શનના આંકડા પણ જારી કરવામાં આવનાર છે. આઈટી સિવાય અન્ય તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં મંદી રહી હતી.



અદ્ભૂત અવકાશી નજારો....

(તસવીર : કશ્યપ નિમાવત)

# સંસદમાં મડાગાંઠ માટે મોદી જવાબદાર : આનંદ શર્મા

નવીદિલ્હી,તા.૧૧

આક્ષેપબાજીનો દોર આજે પણ જારી રહ્યો હતો. વિપક્ષી સાંસદોએ નાણા મંત્રી જેટલી સામે પણ સૂત્રોચ્ચાર કર્યા હતા. જીએસટી બિલની જોગવાઈ અંગે જેટલીએ નિવેદન કર્યું હતું. જેટલીએ કોંગ્રેસની ટિકા કરતા કહ્યું હતું કે, કોંગ્રેસ દેશના આર્થિક વિકાસની ગતિ ઝડપી થાય તેમ ઈચ્છતી નથી. જો કે, વિરોધ પક્ષોએ ધાંધલ ધમાલ જારી રાખી હતી. ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ નવા પરોક્ષ કરવેરા વ્યવસ્થા લાવશે જેમાં જુદા જુદા કેન્દ્રીય અને રાજ્યના કરોનો સમાવેશ થાય છે. આમા સેલટેક્સ, એક્સાઈઝ અને સર્વિસ ટેક્સનો સમાવેશ થાય છે. માનવ ઉપયોગ માટે શરાબના પુરવઠા અને પેટ્રોલિયમ પેદાશોના પુરવઠાનો આમા સમાવેશ કરાયો નથી. અગાઉ કોંગ્રેસના નેતા આનંદ શર્માએ મોદી સરકાર ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, વડાપ્રધાન અથવા તો તેમની સરકાર ગૃહની કામગીરી ચાલે તેમા રસ ધરાવતી નથી. તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાન મોદી જિદ્દી વલણ અપનાવી રહ્યા છે. સંસદમાં મડાગાંઠ માટે તેઓ જ જવાબદાર છે.

# સ્વાગતની નોખી પધ્ધતિએ મને ભાવવિભોર બનાવી દીધી છે ધન્યધરા ગાંધીનગરની : આનંદીબેન પટેલ




(તસવીર : દિપક જાની)

### મુખ્યમંત્રીના સ્વાગતમાં જોડાયેલી ૫૪ સંસ્થાઓએ ઘી, ગોળ, ખાંડ, ભૂલકાંઓના કપડાં આપ્યા તો કડી વિશ્વ વિદ્યાલયે ભૂલકાંઓને ચિત્રો દ્વારા સમજણ આપી શકાય તેવા પોસ્ટર્સ આપ્યા...

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા પંચાયત આયોજિત મહિલા શક્તિ એવોર્ડ સમારોહમાં સ્વાગતથી નોખી પ્રથાની સંવેદનાસભર બનેલા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ બોલી ઉઠ્યા કે આજે મારી આંખ ધન્ય થઈ...

**આજે મારી આંખ ધન્ય બની...**

મુખ્યમંત્રીશ્રીના આ સ્વાગત સમારોહમાં ૫૪ જેટલી સંસ્થાઓ જોડાઈ હતી. જો કે મુખ્યમંત્રીશ્રી આ સ્વાગતથી એટલા પ્રભાવિત થયા હતા કે તેમણે પોતાના પ્રવચનની ૧૫ મિનિટ એના વખાણમાં ફાળવી અને પંચાયત પ્રમુખ હીના પટેલનો નામોલ્લેખ કરી કહ્યું કે આ યશ તેણીનીને છે જેણે મને સ્વાગતની નવી દૃષ્ટિ આપી છે.

મુખ્યમંત્રીશ્રીને સ્વાગતમાં નાના ભુલકાંઓ માટે કપડાં, સગર્ભા મહિલાઓના સ્વાસ્થ્ય માટે મચ્છરદાની, કુપોષિત બાળકો માટે કઠોળ મણના જથ્થામાં તો નાના ભૂલકાંઓને સમજ આપતાં ચિત્રો સાથેના પોસ્ટર્સ, ઘી, ગોળ, ખાંડ, સિંગદાણા, ચણા સહિતની વસ્તુઓ અર્પણ કરાઈ હતી.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંસ્થાન દ્વારા બાળકોને વન્ય પ્રાણી, ફળ સહિતના ચિત્રો સાથે પોસ્ટર અર્પણ

● અનુસંધાન પાન-૭ પર

## પાંચ નગરપાલિકા વોર્ડની રચનાની જાહેરાત

ગાંધીનગર,તા. ૧૧

રાજ્ય ચૂંટણી પંચ ગાંધીનગર દ્વારા રાજ્યની બનાસકાંઠા જિલ્લાની ડીસા, દાહોદ જિલ્લાની દાહોદ, ખેડા જિલ્લાની નડિયાદ અને કપડવંચ તેમજ નર્મદા જિલ્લાની રાજપીપળા નગરપાલિકા વોર્ડની રચના, સીમાંકન તથા બેઠક ફાળવણી અંગેના આખરી સુધારા આદેશ પ્રસિદ્ધ કરવામાં આવ્યા. જેમાં તમામ પાસાઓનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરીને નગરપાલિકાના વોર્ડની રચના, સીમાંકન અને બેઠક ફાળવણી સંલગ્ન અનુસૂચિમાં દર્શાવ્યા મુજબ નિર્ધારિત કરવામાં આવી છે તેમજ અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે બેઠકોની ક્રમવાર ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવ્યું હોવાનું રાજ્ય ચૂંટણી પંચની યાદીમાં જણાવાયું છે. આ આખરી સુધારા આદેશ કલેક્ટર કચેરી, સંબંધિત નગરપાલિકા તથા જાહેર સ્થળોએ બહોળી પ્રસિદ્ધિ અર્થે મુકવામાં આવશે તેમ પણ રાજ્ય ચૂંટણી પંચની યાદીમાં જણાવ્યું છે.

# સ્વવ્યવસાય માટે મહિલાઓને નાના પ્લોટ ગાંધીનગરમાં પણ ફળવાશે : આનંદીબેન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરને નવી ઓળખ આપવા રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે જાહેરાત કરતાં જણાવ્યું છે કે નાના સ્વવ્યવસાય ક્ષેત્રે જો મહિલાઓ ઝંપલાવશે તો સરકાર તેમના માટે ખાસ પ્લોટ ફાળવશે.

તેમણે મહિલા શક્તિને ઔદ્યોગિક ક્ષેત્રે સ્વવ્યવસાય શરૂ કરવા માટે સરકારના પ્રોત્સાહક અભિગમનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે રાજકોટ અને કલોલ ઔદ્યોગિક વસાહતમાં ખાલી પડેલા પ્લોટ પર G+4 ના મકાન બનાવી નાની નાની દુકાનોના મોલ મહિલાઓ માટે બનાવવાનો નિર્ણય કર્યો છે. મહિલા સશક્તિકરણ પખવાડિયાની રાજ્યભરમાં થઈ રહેલ ઉજવણીના ભાગરૂપે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગાંધીનગરમાં પોતાના જીવનકાળ દરમ્યાન સામાજિક ક્ષેત્ર સહિત વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ સેવાઓ આપનાર ૧૩ મહિલાઓને લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ અને અન્ય મહિલાઓને વિશિષ્ટ કામગીરી માટે તથા ગાંધીનગર જિલ્લામાં સરપંચનો પદભાર સંભાળી રહેલ ૧૦૦ મહિલાઓ મળી ૧૩૨ મહિલાઓને મહિલા શક્તિ એવોર્ડ અર્પણ કર્યા હતા.

ગાંધીનગર જિલ્લા પંચાયત આયોજિત મહિલા શક્તિ એવોર્ડ સમારંભમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત મહિલાઓને સંબોધતા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે જણાવ્યું હતું કે, ઘણા વર્ષો બાદ ગુજરાતની મહિલાઓ અને બાળકોના કલ્યાણ માટે રાજ્યમાં પહેલીવાર વર્ષ-૨૦૦૨માં મહિલા-બાળ કલ્યાણના અલાયદા વિભાગની શરૂઆત કરીને રાજ્ય સરકારે આ ક્ષેત્રના વિકાસ માટે રૂપિયા બે હજાર કરોડનું બજેટ મંજૂર કર્યું છે.

ગાંધીનગર જિલ્લાએ મહિલા સશક્તિકરણની ઉજવણી પ્રસંગે કરેલા વિવિધ કાર્યક્રમો અને મહિલા શક્તિ એવોર્ડ વિતરણ સમારંભનું સુંદર આયોજન કરવા બદલ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હિનાબેન પટેલને અભિનંદન આપ્યા હતા.




(તસવીર : દિપક જાની)

મહિલાઓનું સન્માન કરતા મને ખુબ આનંદની લાગણી થાય છે, તેમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે મહિલાઓ ઔદ્યોગિક ક્ષેત્રે પણ આગળ વધે તે માટે સાણંદની જી.આઈ.ડી.સી.માં ૩૦૦ બ્લોક મહિલાઓ માટે અનામત રાખીને ૫૦ ટકા સહાયના ધોરણે વેચાણથી અને ભાડે આપવાની મહિલાઓ માટેની મહત્વાકાંક્ષી યોજનાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

ગ્રામીણ સમાજની મહિલાઓને પોતાના બાળકોના સ્વાસ્થ્ય અને શિક્ષણ માટે જાગૃત બનવા હાંકલ કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના આરોગ્ય વિભાગે ૪૫ લાખ આંગણવાડીના

● અનુસંધાન પાન-૭ પર

# આવતીકાલે યુનિવર્સિટીમાં અનામત અભિપ્રાય સભા યોજાશે

### અનામતનો રેલો ગુજરાત યુનિવર્સિટી સુધી લંબાયો : વિદ્યાર્થીઓ આંદોલનમાં જોડાય તે માટે વ્યૂહરચના તૈયાર કરાઈ : હવે ગુજરાતવ્યાપી કોલેજ બંધનું એલાન અપાશે

અમદાવાદ, તા.૧૧

મહેસાણાથી શરૂ થયેલ પાટીદાર અનામત આંદોલન હવે રાજયભરમાં વેગ પકડી રહ્યું છે. ત્યારે હવે રાજયનાં વિદ્યાર્થીઓ પણ આ આંદોલનથી અળગા રહેલા પામ્યા નથી. સોમવારે અને મંગળવારે યોજાયેલ પાટીદાર રેલીઓ વિદ્યાર્થીઓ શિક્ષણકાર્ય છોડીને જોડાયા હતા. ત્યારે હવે આ આંદોલનના વ્યુહરચનાકારો નવ નિર્માણ આંદોલનમાં જણાય તે માટે ખાસ રણનીતી છડી કાઢવામાં આવી છે. આ માટે રાજયવ્યાપી કોલેજ બંધનું એલાન આપવાનું આયોજન કરાયું છે. ત્યારે આ માટે વિદ્યાર્થીઓનો મત જાણવા માટે આગામી ૧૩મી ઓગસ્ટના રોજ ગુજરાત યુનિવર્સિટી ખાતે અભિપ્રાય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૩મી ઓગસ્ટે ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજાનાર આ અભિપ્રાય સભામાં યુનિવર્સિટીના ભુતપૂર્વ અને વર્તમાન પાટીદાર સેનેટ સિન્ડિકેટ સભ્યો નવા વિદ્યાર્થીઓ જોડાય તેવું આયોજન કરવામા આવ્યું છે. આ તમામની એક મિંટિંગ ગુજરાત યુનિવર્સિટી કેન્ટીન ખાતે ૧૩ ઓગસ્ટે સાંજે ૪ વાગ્યે યોજાશે આ મિટિંગને અભિપ્રાય સભા નામ આપવામાં આવ્યું છે આ અભિપ્રાય સભામાં આગામી ૨૫મી ઓગસ્ટે ગુજરાત યુનિવર્સિટી તેમજ જીટીયુની તમામ કોલેજો અને સંસ્થાઓ બંધ રાખવા માટેનું એલાન કરવામાં આવશે. આ બેઠક અંગે ગુજરાત યુનિવર્સિટીનાં પૂર્વ સેનેટ સભ્ય અલ્કેશ પટેલ અને ગૌરાંગ પટેલે જણાવ્યું હતું કે, પટેલોને અનામત મળવી જ જોઈએ. જે અંગેની માંગ સાથેની મહારેલી અમદાવાદમાં

● અનુસંધાન પાન-૭ પર

# પાટીદાર અનામત આંદોલન એ ભાજપની આંતરિક લડાઈ છે : શંકરસિંહ

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતમાં ચાલી રહેલુ પાટીદાર અનામત આંદોલન એ ભાજપના આંતરિક જૂથવાદની લડાઈ છે તેમ જણાવી વિધાનસભા વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે ભાજપે આ મુદ્દે પોતાનું વલણ સ્પષ્ટ કરવું જોઈએ.

તેમણે આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ આ મુદ્દે આજે દિલ્હી પહોંચ્યા છે.

શ્રી વાઘેલાએ મંત્રીઓના



ખુલાસા અંગે પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે પોતાનો અહમ્ ઘવાય એટલે હું ક્યાંય નથી તેવું બતાવવાનો અને બચાવમાં આવી જવાનો પ્રયાસ મંત્રીઓ કરી રહ્યા છે.

પાટીદાર સમાજની અનામતની માંગણી બાબતમાં સરકારે સ્પષ્ટતા કરવી જોઈએ. દહીમાં અને દૂધમાં પગ નહિ રાખવો જોઈએ. આ આંદોલન કાબુ બહાર જાય તે પહેલાં સમાજના આગેવાનોને બોલાવી તેમની સાથે વાતચીત કરી સરકારે પોતાનું સ્ટેન્ડ પણ ક્લીયર કરવુ જોઈએ.

મીનાક્ષી જ્વેલર્સ ઘ-૫ની
અટળક સ્કીમોની સફળતા બાદ હવે નવી સ્કીમ
દર માસે રૂા. ૧૦૦૦ ભરીને વસાવો
સોનાની ૧૦ ગ્રામની લગડી ૯૯૯ (શુધ્ધ સોનાની)
વધુ માહિતી માટે ફક્ત Missed Call કરો 94263 85263
આ સ્કિમનો પ્રથમ ડ્રો તા.૩૦-૮-૨૦૧૫ને રવિવારના રોજ સાંજે ૭ કલાકે કરવામાં આવશે
જુજ સભ્યો બાકી
મિનાક્ષી જ્વેલર્સના ૨૫ વર્ષ પુરા થતા આ સ્કીમમાં જોડાનાર દરેક મેમ્બર્સને ૧ ટ્રાવેલીંગ બેગ ગીફ્ટ
સમય-સવારે ૯:૩૦ થી રાત્રે ૭:૩૦ સુધી ★દર સોમવારે ચાલુ અને દર રવિવારે રજા રહેશે
ઘનશ્યામ જ્વેલરી પ્રા.લિ.
સુરભી કોમ્પલેક્ષ,ઘ-૫ સર્કલ નજીક,સેક્ટર- ૨૨,ગાંધીનગર
ઓફીસ ફોન નં. - 232 46063, - 94087 77566